ક્રમાંક: જીસીવીટી/પરીક્ષા/ટી-૪/૨૦૧૬/ ૫૬૦૫
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનિંગ
બ્લોક નં.૧, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર- ૩૮૨ ૦૧૦
તારીખ:-૨૮/૧૧ /૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
ઔદ્યોગિક તાલીમ સંસ્થા,
....................................

વિષય:- <u>રાજયકક્ષા (સીટીએસ)- નોનએફીલ-સેમેસ્ટરપધ્ધતિ (ઓનલાઇન) સપ્ટેમ્બર- ૨૦૧૬</u>
સેમેસ્ટર- ૨ નું પરીણામ જાહેર કરવા બાબત.

ઉપરોકત વિષય બાબતે જણાવવાનું કે, સપ્ટેમ્બર- ૨૦૧૬ માં યોજાયેલ રાજયકક્ષા (સીટીએસ) - નોનએફીલ-સેમેસ્ટરપધ્ધતિ અન્વયે સેમેસ્ટર- ૨ નું પરીણામ તૈયાર થયેલ છે.જે અંગે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) પરીણામ <u>તારીખ: ૨૮ / ૧૧ / ૨૦૧૬</u> ના રોજ જીસીવીટીની વેબસાઇટ <u>www.gcvt.org</u> ઉપર પ્રદર્શિત કરવામાં આવેલ છે.

(૨) સંસ્થાએ તેઓના પાસવર્ડ / ID દવારા તાલીમાર્થીઓની સેમેસ્ટર માર્કશીટ /પરીણામપત્રક ( R.S ) જીસીવીટીના પોર્ટલ **http://gcvt.gujarat.gov.in** પરથી ડાઉનલોડ કરી, <u>માર્કશીટ A4 સાઇઝના મીનીમમ 100 GSM કાગળ પર પ્રિન્ટ કરવાની રહેશે</u>.ત્યારબાદ તાલીમાર્થીને ઇસ્યુ કરવાની રહેશે તેમજ <u>પરીણામપત્રક (સંસ્થાના રેકર્ડ માટે) A3 સાઇઝના ઝેરોક્ષ કાગળ પર પ્રિન્ટ કરવાની રહેશે</u>. <u>( હાલ ફકત સેમેસ્ટર- ૨ ની સેમેસ્ટર માર્કશીટની લીંક ( LINK ) ખોલવામાં આવેલ છે. બાકીની લીંક ( LINK ) માટે **EMAIL** દવારા અત્રેથી જાણ કરવામાં આવશે.)</u>

(૩) જાહેર થયેલ પરીણામની સંસ્થાકક્ષાએ સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે. કોઇપણ પરીક્ષાર્થીના પરીણામમાં માર્કસને લગતી કોઇપણ પ્રકારની ક્ષતિ હોય તો સ્પષ્ટ વિગતો સહીતની દરખાસ્ત તુરત જ (દિન-૦૫) સુધીમાં <u>અત્રેની કચેરીને EMAIL થી જાણ કરવાની રહેશે</u>.

(૪) હાલમાં સેમેસ્ટર માર્કશીટ/પરીણામપત્રક તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે CERTIFICATE તથા CONSOLIDATED MARKSHEET ટુંક સમયમાં પોર્ટલ પર મુકવામાં આવશે. <u>જેની જાણ mail દ્વારા કરવામાં આવશે.</u>જો તાલીમાર્થી ઇચ્છે તો હાલ તુરંત સંસ્થાકક્ષાએ બોનાફાઇડ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૫) સંસ્થાના વડા(આચાર્ય)ની ઓરીજનલ સહી(રબ્બરસ્ટેમ્પ નહી)/સિકકો દર્શાવી તેમજ સંસ્થાનો રાઉન્ડસીલ લગાવ્યા બાદ જ તાલીમાર્થીને માર્કશીટ ઇસ્યુ કરવાની રહેશે.

(પાછળ)

(૬) સંસ્થા કક્ષાએ માર્કશીટ/પ્રમાણપત્ર ઇસ્યુ રજીસ્ટર નિભાવવાનું રહેશે જેમાં તાલીમાર્થીનો રોલ નંબર, નામ તથા માર્કશીટ પર ડાબી બાજુએ નંબર છપાયેલ નંબરની નોંધ કરવાની રહેશે તથા માર્કશીટ ઇસ્યુ બદલ સહી મેળવવાની રહેશે.

(૭) રીચેકીંગ કરાવવા ઇચ્છતા તાલીમાર્થી પાસેથી નિયમોનુસાર રીચેકીંગ અંગેની ફી તા.૦૬/૧૨/૨૦૧૬ સુધીમાં સ્વીકારી, તા.૦૮/૧૨/૨૦૧૬ સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

રીચેકીંગ માટેની દરખાસ્ત નીચે દર્શાવેલ પ્રફોર્મામાં મોકલી આપવાની રહેશે.(અન્ય બિડાણો ન મોકલતા ફકત પત્રક જ મોકલવું) સમયમર્યાદા બાદ મળેલ દરખાસ્ત કોઇપણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં.આ બાબતે ઉદભવતા દરેક પ્રશ્નો માટે જે તે સંસ્થાના વડા જવાબદાર રહેશે. ડ્રા.મેન સીવીલ, ડ્રા.મેન (મીકેનીકલ) અને સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) વ્યવસાયના પ્રેકટીકલ સિવાયના અન્ય વ્યવસાયના પ્રેકટીકલ વિષયનું રીચેકીંગ કરી શકાશે નહીં. (ફકત એન્જી.ડ્રોઇંગ વિષયનું જ રીચેકીંગ કરવામાં આવશે જેની નોંધ લેવી.)

:: રીચેકીંગ અંગેનો પ્રફોર્મા ::

સંસ્થાનું નામ તેમજ કોડનંબર: ........................

| અ.નં | તાલીમાર્થીનો બેઠકનંબર | તાલીમાર્થીનું નામ | ટ્રેડ | સેમેસ્ટર/પેપર નંબર(વિષય) | પરીણામપત્રક મુજબ મેળવેલ ગુણ (સેશનલ સિવાય) | સ્વીકારેલ રીચેકીંગ ફીની રીસીપ્ટનંબર અને તારીખ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

(સંસ્થાના વડાની સહી તથા સિક્કો)

નાયબ નિયામક(તાલીમ)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનિંગ
ગાંધીનગર

નકલ સાદર રવાના:-
નાયબનિયામકશ્રી (તાલીમ)
પ્રાદેશિક કચેરી,
અમદાવાદ/ વડોદરા/ રાજકોટ અને સુરત.
- જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.